## તારા શરણમાં

તારા શરણમાં રહવું ગમે છે, તારા વચનમાં જીવવું ગમે છે,
રાજી કરીને તુજને અમારે (૨) ભૂલકાં તારાં બનવું ગમે છે...
તારા શરણમાં રહેવું ગમે છે...

શ્વાસે ઉચ્છ્વાસે રોમે રોમે, સવળા વિચારોની જ્યોતિ પ્રગટે છે, (૨)
મન બુદ્ધિ તારા દાસ બનાવી (૨) ગમતું તારું કરવું ગમે છે...
તારા શરણમાં રહવું ગમે છે...

આંખોમાં અશ્રુધારા વહે છે, 'મા'ની મમતા ઉર પ્રસરે છે, (૨)
પ્રેમ તારો સૌ પર અનરો (૨) મિહમાસાગરમાં ડૂબવું ગમે છે...
તારા શરણમાં રહવું ગમે છે...

દિવ્ય જીવનમાં પ્રગટે પ્રભુતા, પ્રાર્થના તારા ચરણે ધરીએ છીએ,
તારી પ્રસન્નતા જીવતર અમારું (૨) તો દર્શન તમારું કરવું ગમે છે...
તારા શરણમાં રહેવું ગમે છે...

********